કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં,અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

ફોન નંબર : ૨૬૬૩૦૪૯-૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

## સંમતિપત્ર

નં.સા.વે.ઝોન(અઠવા)/આ.3852
તારીખઃ 20/8/26

પ્રતિ,

..........................................

..........................................

..........................................

..........................................

**વિષય :–** સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં વિવિધ વિસ્તારમાં વિવિધ તહેવારો / પ્રસંગે મંડપ સર્વિસ પુરી પાડવાનું કામ.

**સંદર્ભ :–** (૧) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૪૩૭/૨૦૨૬, તા. ૧૬/૦૮/૨૦૨૬ થી મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવે અને શરતે

(૨)ડે.કમિશનરશ્રીની તા. 20/08/2026ના રોજની મંજુરી.

**મહાશય,**

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં વિવિધ વિસ્તારમાં વિવિધ તહેવારો / પ્રસંગે મંડપ સર્વિસ પુરી પાડવાના કામે ઉકત સંદર્ભ (૧)મુજબ સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૪૩૭/૨૦૨૬, તા. ૧૬/૦૮/૨૦૨૬ થી મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવે અને શરતે રૂા.૩૬,૪૮,૦૨૦.૫૦પૈ. + ૧૮% જીએસટી મળી કુલ રૂા. ૪૩,૦૪,૬૬૪.૧૯ પૈ. ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૨) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા. 31/08/2026સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૪૩,૧૦૦/– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૮,૬૧,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૬. સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૪૩૭/૨૦૨૬, ના.૧૬/૦૮/૨૦૨૬ થી મંજુર થયેલ ટેન્ડરના પ્રાઇઝબીડ અને ટેકનીકલ બીડની શરતોને ઈજારદારથી બંધનકર્તા રહેશે.
૭. કોઈપણ તથા બધા જ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૮. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.
૯. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૧૦. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.
૧૧.આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૫(પંદર) પૂરા થયેથી ૧૨(બાર) માસની ગણવાની રહેશે.

બીડાણ : (૧) શીડયુલ–બી ની નકલ.

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન**
**સુરત મહાનગરપાલિકા**